# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-08-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1) ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે 2047 સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે યુવાનો, ગરીબો, મહિલાઓ અને ખેડૂતોનું સશક્તિકરણ કરવું ખૂબ જ જરૂરી.

2) 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત હરયાણાના કરનાલમાં કેન્દ્રીય ઊર્જા મંત્રી મનોહર લાલે તિરંગા યાત્રાને લીલી ઝંડી આપી રવાના કરી.

3) ઝારખંડમાં ભરતી પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓને લઈને વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન વધુ તેજ બન્યું.

4) સેના પ્રમુખ જનરલ ધીરજ સેઠ નેપાળની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે રવાના થયા.

5) યુક્રેન અને રશિયાના એકબીજા પર મિસાઇલ અને ડ્રોન હુમલામાં 11 લોકોના મોત.

6) પુરુષ ક્રિકેટમાં, ગેલ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે પ્રથમ ટેસ્ટ મેચના બીજા દિવસે શ્રીલંકા સામે ભારતે પ્રથમ દાવમાં 9 વિકેટે 460 રન બનાવ્યા.

********************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# AMIT SHAH RAJASTHAN

ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે 2047 સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે યુવાનો, ગરીબો, મહિલાઓ અને ખેડૂતોનું સશક્તિકરણ કરવું ખૂબ જ જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્રની મોદી સરકાર આ વર્ગો પર ખાસ ધ્યાન આપી રહી છે. શ્રી શાહ આજે રાજસ્થાનના અલવરમાં 17 જિલ્લાઓમાં 6 હજાર 400 કરોડ રૂપિયાથી વધુના વિકાસકામોનું ખાતમૂહર્ત અને લોકાર્પણ કર્યા પછી એક સભાને સંબોધિત કરી રહ્યા હતા. શ્રી શાહે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે ખેડૂતોના વિકાસ અને કલ્યાણ માટે અનેક યોજનાઓ શરૂ કરી છે. 2014 થી 2026 સુધી એક પણ વર્ષ એવું નથી રહ્યું જ્યારે મોદી સરકારે ખેડૂતો માટે કોઈ મોટી યોજના શરૂ ન કરી હોય. તેમણે નોંધ્યું હતું કે લઘુત્તમ ટેકાના ભાવ માં સતત વધારો કરવામાં આવ્યો છે.

## (BYTE : AMIT-SHAH- VIKSIT BHARAT)

*"**2047** में अगर भारत को पूर्ण विकसित बनाना है तो ये युवा, गरीब, अन्नदाता और महिला को ताकतवान बनाना पड़ेगा। आज यही मंच से किसानों को किसान सम्मान निधि, पशुपालकों के लिए **500** करोड़ की डेरी की व्यवस्थाएं, युवानो को नौकरी और माताओं के लिए बहनों के लिए सरस डेरी का एक्सटेंशन का काम आज भारतीय जनता पार्टी की सरकार ने किया है।"*

શ્રી શાહે જણાવ્યું હતું કે ડેરી ક્ષેત્રમાં ગ્રામીણ અર્થતંત્રમાં પરિવર્તન લાવવાની અપાર સંભાવના છે, અને ગુજરાતના ખેડૂતોએ આ સાબિત કર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે આગામી વર્ષોમાં, રાજસ્થાનના દરેક ઘરમાં ઉચ્ચ ઉપજ આપતી ગાય અને ભેંસની જાતિઓ દાખલ કરવાના પ્રયાસો કરવામાં આવશે. આ પ્રસંગે, ગૃહમંત્રીએ મુખ્યમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ ખેડૂતોના બેંક ખાતામાં સીધા ભંડોળ ટ્રાન્સફર કર્યું.

# VAJPAYEE-DEATH-ANNIVERSARY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રી વાજપેયીને તેમની પુણ્યતિથિ પર દિલ્હીમાં તેમના સ્મારક 'સદૈવ અટલ' પર પુષ્પાંજલિ અર્પણ કરી. આ પ્રસંગે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ નીતિન નવીન પણ હાજર રહ્યા હતા. કેન્દ્રીય પ્રધાન મનોહર લાલે પણ શ્રી વાજપેયીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

# HAR GHAR TIRANGA

'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત આજે હરિયાણાના કરનાલમાં 'તિરંગા યાત્રા' યોજાઈ હતી.

તિરંગા યાત્રાને કેન્દ્રીય ઊર્જા મંત્રી મનોહર લાલે લીલી ઝંડી આપીને રવાના કરી હતી. મોટી સંખ્યામાં લોકો તિરંગો લઈને આ યાત્રામાં જોડાયા હતા. આ યાત્રાનો ઉદ્દેશ્ય દરેક નાગરિક સુધી દેશભક્તિ અને રાષ્ટ્રીય ગૌરવનો સંદેશ પહોંચાડવાનો છે.

# HARYANA-TIRANGA YATRA

કેન્દ્રીય સહકાર રાજ્યમંત્રી કૃષ્ણ પાલ ગુર્જર અને ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય પંડિત મૂળચંદ શર્માની ઉપસ્થિતિમાં આજે હરિયાણાના બલ્લભગઢ ખાતે તિરંગા યાત્રા યોજાઇ. આ યાત્રા સેક્ટર-3 બ્રિજથી શરૂ થઈ હતી અને બલ્લભગઢ બ્લોક-સ્તરીય કાર્યાલયમાં સમાપ્ત થઈ હતી. યાત્રામાં હજારો લોકોએ ભાગ લીધો હતો. સભાને સંબોધતા, શ્રી ગુર્જરે નાગરિકોને રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને મજબૂત કરવા અને દેશની પ્રગતિમાં યોગદાન આપવા અપીલ કરી હતી.

# PM VIDEO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના રોજિંદા સવારનો નિત્યક્રમ દર્શાવતો એક વિડીયો શેર કર્યો છે, જેમાં તેઓ 80મા સ્વતંત્રતા દિવસ પર રાષ્ટ્રને સંબોધવા માટે લાલ કિલ્લા તરફ રવાના થતા પહેલા લોક કલ્યાણ માર્ગ સ્થિત તેમના નિવાસસ્થાને ગાય અને મોરને ખવડાવતા જોવા મળે છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે દરરોજ સવારે તેમના 'મિત્રો'ને ખવડાવવું એ તેમના દિનચર્યાનો એક ભાગ છે. તેમણે ઉમેર્યું કે ગાય અને મોરને ખ્યાલ આવી ગયો હતો કે તેઓ વહેલા જઈ રહ્યા છે અને લાલ કિલ્લા તરફ પ્રયાણ કરતા પહેલા તેમને મળવા આવ્યા હતા.

# AP-PEMMASANI

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને સંચાર રાજ્ય મંત્રી ડૉ. પિમ્માસાની ચંદ્રશેખરે જાહેરાત કરી છે કે આંધ્ર પ્રદેશના ગુંટુરમાં આશરે 20 કરોડ રૂપિયાના ખર્ચે સરકારી પ્રાદેશિક પુસ્તકાલય માટે આધુનિક સુવિધાઓથી સજ્જ ભવનનું નિર્માણ કરવામાં આવશે.

તેમણે આજે ગુંટુરમાં જણાવ્યું કે બ્રિટિશ કાળ દરમિયાન 1915માં સ્થપાયેલા આ પુસ્તકાલયથી અનેક પેઢીઓના વિદ્યાર્થીઓ અને વાચકો લાભાનવિત થયા છે. તેમણે ઉમેર્યું કે હાલનું ભવન જૂનું થઈ ગયું છે અને તેના પુનઃનિર્માણની જરૂરિયાત છે.

# JHARAKHAND EXAM

ઝારખંડમાં ભરતી પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓને લઈને વિદ્યાર્થીઓનું વિરોધ પ્રદર્શન વધુ તેજ બન્યું છે. વધુ વિગતો આપી રહ્યા છે અમારા સંવાદદાતા -

(V/C : MAHAVISH)

*"जेपीएससी जेएसएससी आंदोलन के अगले चरण के तहत छात्र नेताओं ने बताया कि उनका आंदोलन **22** वें दिन में प्रवेश कर चुका है और उनकी प्रमुख मांगें अब भी लंबित हैं। छात्र जेपीएससी की **11** वीं से **13** वीं सिविल सेवा परीक्षा और जेएसएससी सीजीएल परीक्षा रद्द करने के साथ-साथ कथित अनियमितताओं की सीबीआई जांच की मांग कर रहे हैं। जेपीएससी जेएसएससी रिफॉर्म मंच ने राज्य सरकार को **18** अगस्त तक सकारात्मक पहल करने का अल्टीमेटम दिया है। प्रदर्शनकारियों ने पहली बार मुख्यमंत्री हेमंत सोरेन के इस्तीफे की मांग भी उठाई है। उन्होंने **20** अगस्त को मुख्यमंत्री आवास के बाहर बड़े विरोध प्रदर्शन का ऐलान किया है और कहा कि मांगें पूरी नहीं होने पर वहीं से आंदोलन आगे बढ़ाया जाएगा। महविश रहमान, आकाशवाणी समाचार, रांची।"*

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# FACT-CHECK-PREZ

સરકારે પાકિસ્તાનના સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા તે વીડિયોનું ખંડન કર્યું છે, જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાફેલ વિમાનને લઈને તપાસ પંચની રચના અંગે નિવેદન આપ્યું છે. પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો (PIB) ની ફેક્ટ ચેક યુનિટે આ દાવાને ખોટો ગણાવ્યો છે. અને સ્પષ્ટ કર્યું છે કે રાષ્ટ્રપતિએ એવું કોઈ નિવેદન આપ્યું નથી.

# ARMY-CHIEF-NEPAL

સેના પ્રમુખ જનરલ ધીરજ સેઠ આજે નેપાળની ત્રણ દિવસની સત્તાવાર મુલાકાતે રવાના થયા છે. આ મુલાકાતનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગ અને સૈન્ય સંબંધોને મજબૂત કરવાનો છે. તેઓ નેપાળી સેના પ્રમુખ સાથે વાટાઘાટો કરશે અને નેપાળી સેનાના સૈન્ય સંચાલનના મહાનિર્દેશક તેમને પરસ્પર હિતના મુદ્દાઓ પર માહિતી આપશે.

# RUSSIA-UKRAINE-CONFLICT

યુક્રેન અને રશિયાના એકબીજા પર મિસાઇલ અને ડ્રોન હુમલામાં 11 લોકોના મોત થયા છે.

યુક્રેને રશિયાના દક્ષિણ-પશ્ચિમ રોસ્તોવ વિસ્તારને નિશાન બનાવીને ડ્રોનથી અનેક હુમલા કર્યા, જેમાં 6 લોકોના મોત થયા છે. આ યુક્રેનનો અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો બતાવવામાં આવી રહ્યો છે. 150 થી વધુ ડ્રોન હુમલામાં કેટલાય ઘરો અને એક રેલવે સ્ટેશનને નુકસાન પહોંચ્યું તથા જંગલમાં આગ લાગી ગઈ. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે તેમણે રાતોરાત 822 યુક્રેની ડ્રોન નષ્ટ કરી દીધા.

બીજી તરફ, રશિયાના હુમલામાં યુક્રેનમાં પાંચ લોકોના મોત થયા છે.

# TEST CRICKET-IND VS SL-STUMPS

પુરુષ ક્રિકેટમાં, ગેલ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચના બીજા દિવસે યજમાન શ્રીલંકા સામે ભારતે પ્રથમ દાવમાં 9 વિકેટે 460 રન બનાવ્યા હતા. આજે સાંજે રમત પૂરી થઈ ત્યારે પ્રસિદ્ધ કૃષ્ણા અને કુલદીપ યાદવ રમતમાં હતા. દેવદત્ત પડિકલે 167 રન બનાવીને પોતાની પ્રથમ ટેસ્ટ સદી ફટકારી. કે. એલ. રાહુલે 82 રન બનાવ્યા અને ધ્રુવ જુરેલે 51 રનનું યોગદાન આપ્યું. શ્રીલંકા તરફથી પ્રભત જયસૂર્યાએ ચાર વિકેટ લીધી, જ્યારે કેશરા નુવંતાએ ત્રણ વિકેટ લીધી.

# EVE AMD FIBA BASKETBALL

આંતરરાષ્ટ્રીય બાસ્કેટબોલ મહામંડળ – ફિબા અંડર-18 એશિયા કપ બાસ્કેટબૉલ સ્પર્ધામાં આજે અમદાવાદના વીર સાવરકર રમતગમત સંકુલ ખાતે રમાયેલી મેચમાં જાપાને કઝાખસ્તાનને હરાવ્યું. મેચના અંતે જાપાનનો સ્કોર 81 અને કઝાખસ્તાનનો સ્કોર 45 રહ્યો હતો.

આ ઉપરાંત અન્ય મુકાબલામાં ઈરાને શ્રીલંકાને પરાજય આપ્યો. મેચના અંતે ઈરાનનો સ્કોર 110 અને શ્રીલંકાનો સ્કોર 42 રહ્યો હતો. જ્યારે કતર સામેની મેચમાં ચીનની ટીમનો વિજય થયો. તેમાં કતરનો સ્કોર 66 અને ચીનનો સ્કોર 118 રહ્યો.

દરમિયાન ભારત અને કોરિયા વચ્ચે ગ્રુપ ડીની મેચ હમણાં જ શરૂ થઈ છે. જેમાં પ્રથમ ક્વાટરમાં ભારત કરતાં કોરિયાની ટીમ આગળ છે.

# INDONESIA-QUAKE EMERGENCY

ઈન્ડોનેશિયાના ફ્લોરેસ કિનારા નજીક ગઈકાલે સવારે આવેલા 7.7 ની તીવ્રતાના ભૂકંપ બાદ, પૂર્વ નુસા તેંગારા પ્રાંતમાં 14 દિવસ માટે અગમચેતીના ભાગરૂપે કટોકટીની જાહેરાત કરવામાં આવી છે. તેનો ઉદ્દેશ્ય અસરગ્રસ્ત વિસ્તારોમાં આપત્તિ વ્યવસ્થાપન, લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવા, રાહત સામગ્રીનું વિતરણ કરવા અને પુનર્નિર્માણના પ્રયાસોને સરળ બનાવવાનો છે.

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન વિભાગના જણાવ્યા અનુસાર, આ ભૂકંપમાં 51 લોકોના મોત થયા છે અને 113 લોકો ઘાયલ થયા છે. સમગ્ર વિસ્તારમાં અસંખ્ય ઇમારતોને પણ નુકસાન પહોંચ્યું છે.

# HANGERI BUS ACCIDENT

હંગેરીમાં આજે વહેલી સવારે એક બસ ખાડામાં પડતાં 12 લોકોના મોત થયા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે. આ અકસ્માત હંગેરીની રાજધાની બુડાપેસ્ટથી લગભગ 140 કિલોમીટર પૂર્વમાં થયો હતો.

હંગેરીના પ્રધાનમંત્રીએ આ અકસ્માત અંગે દુ:ખ વ્યક્ત કર્યું છે.

# J-K-SUNGAL-TUNNEL

જમ્મુ અને કાશ્મીરમાં, જમ્મુ-પુંછ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરની બહુપ્રતિક્ષિત સુંગલ સુરંગ જાહેર જનતા માટે ખુલ્લી મૂકવામાં આવી છે, જે રાજૌરી અને પૂંછ અને આસપાસના વિસ્તારોના જોડિયા સરહદી જિલ્લાઓ સાથે જોડાણને મોટો વેગ આપે છે. સીમા સડક સંગઠન દ્વારા બનાવવામાં આવેલી, આ ટનલ અગાઉ 22 ઓગસ્ટના રોજ જાહેર જનતા માટે ખુલ્લી મૂકવાની હતી. જોકે, સ્વતંત્રતા દિવસની ભેટ તરીકે તેને સમયપત્રક પહેલાં ખોલવામાં આવી હતી, જેનાથી મુસાફરોને રાહત મળી હતી અને પ્રદેશમાં રોડ સંપર્કમાં સુધારો થયો હતો.